મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

૨૭-૧૨-૨૦૨૪
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## રાજ્યમાં અનેક કૌભાંડ અને મોટા કાંડોને કારણે સરકારને બદનામી વહોરવાના દિવસો જોવા પડ્યા છે

# વર્ષ ૨૦૨૪ ગુજરાત સરકાર માટે કેવું રહ્યું? કૌભાંડો-કાંડોને લીધે સરકાર કઠેડામાં, જનતાની નજરમાં ભાવ ગગડયો!

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ગુજરાત સરકારની સિદ્ધિઓની સરખામણીમાં કૌભાંડોની સંખ્યા વધારે જણાઈ રહી છે. ગુજરાતમાં હાલ એક કૌભાંડ કે કાંડની શાહી સૂકાતી નથી, ત્યાં એક નવા કૌભાંડ કે કાંડ જન્મ લે છે. હવે રાજ્યમાં નકલીના ખેલની વાત કરીએ તો નકલી સીએમઓ, નકલી સરકારી કચેરી, નકલી ટોલનાકુ, નકલી હોસ્પિટલે સરકારની ભારે નામોશી કરી દીધી હતી.

આ વર્ષે ગુજરાતમાં ભાજપ માટે ભારે રહ્યું છે. ગુજરાતમાં શરૂઆતથી જ એક પછી એક ઘટનાઓ બની રહી છે, જેના કારણે સરકારને નીચું જોવાનો વારો આવ્યો છે. વડોદરાના તળાવમાં માસુમ ભૂલકાઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો.

આ ઘટનાઓની શાહી સૂકાઈ ન હતી ત્યાં રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં લોકોની મરણચીસો, ત્યારબાદ રાજકોટમાં હોસ્ટેલમાં ભાજપના નેતાઓએ યુવતીઓને શિકાર બનાવતાં હોવાનો મામલો ચગ્યો. ત્યારબાદ અમદાવાદના ખ્યાતિકાંડમાં અનેક નિર્દોષ લોકોનો જીવ લીધો હતો. આ સિવાય મજૂરીના બહાને યુવકોને લાવીને બારોબાર નસબંધી કરી દેવાના કાંડનો પણ ભાંડો ફૂટ્યો હતો, જેના કારણે સરકારની બદનામી થઈ.

હવે રાજ્યમાં નકલીની ભરમાર વચ્ચે થયેલા કાંડોની વાત કરીએ તો પાટીદાર નેતાના પુત્રની

### વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં આ કાંડ બહાર આવ્યા!

**હવે રાજ્યમાં નકલીની ભરમાર વચ્ચે થયેલા કાંડોની વાત કરીએ તો પાટીદાર નેતાના પુત્રની સંડોવણી સાથે નકલી ટોલનાકુ પકડાયુ હતું. આ સિવાય સુરતમાંથી બોગસ ડીગ્રી અપાવવાના બહાને લોકોના જીવ સાથે ચેડાં, ગાંધીનગરમાંથી નકલી કોર્ટ સાથે નકલી જજ, દાહોદમાં નકલી સરકારી કચેરી ઝડપાઈ હતી. જે ખુદ સરકારે જ લાખો-કરોડોની ગ્રાન્ટ ફાળવી હોવાનો ખુલાસો થયો હતો. એટલું જ નહીં, ગોંડલમાં તો સ્ટેટના નકલી રાજા પણ પકડાયાં હતાં. આમ નકલી સીએમઓ, નકલી પીએમઓ, નકલી ઈડી ઓફિસર, નકલી સીબીઆઈ, નકલી એનઆઈએ અધિકારી અને નકલી આર્મીમેન પણ પકડાયાં હતાં.**

સંડોવણી સાથે નકલી ટોલનાકુ પકડાયુ હતું. આ સિવાય સુરતમાંથી બોગસ ડીગ્રી અપાવવાના બહાને લોકોના જીવ સાથે ચેડાં, ગાંધીનગરમાંથી નકલી કોર્ટ સાથે નકલી જજ, દાહોદમાં નકલી સરકારી કચેરી ઝડપાઈ હતી. જે ખુદ સરકારે જ લાખો-કરોડોની ગ્રાન્ટ ફાળવી હોવાનો ખુલાસો થયો હતો. એટલું જ નહીં, ગોંડલમાં તો સ્ટેટના નકલી રાજા પણ પકડાયાં હતાં. આમ નકલી સીએમઓ, નકલી પીએમઓ, નકલી ઈડી ઓફિસર, નકલી સીબીઆઈ, નકલી એનઆઈએ અધિકારી અને નકલી આર્મીમેન પણ પકડાયાં હતાં.

મહત્વનું છે કે રાજ્યમાં જનતાને પૈસા ખર્ચીને પણ સારી વસ્તુઓ મળી રહી નથી. વારંવાર નકલી પનીર, દવા પણ મળી રહી છે. હવે તો પાછું નવું આવ્યું છે. ગુજરાતમાંથી તો નકલી સિમેન્ટ બનાવવાની ફેક્ટરી પણ પકડાઈ છે. આમ, અસલી ગુજરાતમાં નકલી મોડેલે તો સરકારની પ્રતિષ્ઠાને સ્થૂળધાણી કરી દીધી હતી. હવે નવા વર્ષ ૨૦૨૫માં સરકાર કેવી કામગીરી કરે છે તેના પર ગુજરાતીઓની નજર છે.




#### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કરેલા બાબા સાહેબના અપમાનજનક નિવેદન મામલે

## વડનગર કોંગ્રેસ દ્વારા એક કિલો મીટર સુધી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ડો. ભીમરાવ આંબેડકર સાહેબની સંસદમાં અસંવૈધાનિક શબ્દ પ્રયોગ કરતા ભારતના ગૃહમંત્રી અમિત શાહે બંધારણ અને બાબાસાહેબ આંબેડકરનું જાહેર અપમાન કર્યું છે. જેનો વિરોધ વ્યક્ત કરી આજે વડનગર કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી કાઢવામાં આવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, સંસદમાં અસંવૈધાનિક શબ્દ પ્રયોગ કરી ભારતના ગૃહમંત્રીએ બાબાસાહેબ આંબેડકરનું જાહેર અપમાન કર્યું છે. બંધારણનું અપમાન કર્યું છે અને ભારતીય સંસદનું પણ અપમાન કર્યું છે. દેશમાં આક્રોશ ફેલાયો છે, ભય ઉભો થયો છે અને કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં અસંવિધાનિક શબ્દ પ્રયોગ વિરુદ્ધ




રાહુલ ગાંધી વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા તેમની સામે પોલીસ કાર્યવાહી કરી છે. તે પણ ગેરકાનૂની છે. તે ફરિયાદ રદ્દ કરવામાં આવે અને ગ્રુહ મંત્રી અમિતભાઈ શાહ રાજીનામું આપે તેવી માગણી સાથે રેલી યોજી હતી.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રસ પ્રમુખ હસમુખભાઈ ચૌધરી, રામજી ઠાકોર, વડનગર શહેર પ્રમુખ લક્ષ્મણજી ઠાકોર, તાલુકા પ્રમુખ જયસિંહ પરમાર, માજી પ્રમુખ ચુનાજી ઠાકોર, દિવાનજી ઠાકોર, એસ.સી. સેલના ચેરમેન મહેશભાઈ રાઠોડ સહિત મોંટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

#### રાધનપુર રોડથી એકઝોટીકા સ્કુલ તરફનો દેદિયાસણ ગ્રામ પંચાયતમાં આવતો રસ્તો રિપેર નહિં કરાતા રાહદારીઓ પરેશાન



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

શહેરમાં રાધનપુર રોડથી એક્ઝોટીકા સ્કૂલ તરફનો દેદિયાસણ પંચાયતની હદમાં આવતો રસ્તો એક વર્ષથી રિપેર નહીં કરાતાં રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ગયા છે. અહીં છ સોસાયટીઓ સીધી આ રોડ ટચ છે અને મોઢેરા રોડથી રાધનપુર રોડને જોડતો શોર્ટ કટ હોઈ વાહનોની ભારે અવર જવર રહે છે. ચોમાસામાં તો ઢીંચણસમા પાણીમાંથી વિદ્યાર્થીઓને આવનજાવન કરવી પડી હતી. આમ છતાં રોડનું સમારકામ કરવાની તસ્દી નહીં લેવાતાં સ્થાનિક રહીશોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે.

રોડનું ટેન્ડર અઢી મહિનાથી મંજૂરીમાં પડ્યું છેતાલુકા પંચાયતના એસઓ કૃણાલભાઈ સુથારે કહ્યું કે, અગાઉ તિરૂપતિ રોયલ બંગ્લોઝ, એક્ઝોટીકા સ્કૂલવાળો રસ્તો મંજૂર થયા પછી રદ થયો હતો. ત્યાર પછી રી-ટેન્ડર કરાયું છે, જે સરકારમાં લગભગ અઢી મહિનાથી મંજૂરીમાં છે. મંજૂરી આવતાં વર્કઓર્ડર સાથે દોઢ કિમીનો નવો રોડ બનાવાશે.

#### તંત્રની આંખોમાં ધૂળ નાંખી કેટલાક લોકો ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યા છે

## મહેસાણામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧૬ રીલ સાથે શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા જિલ્લામાં ઉત્તરાયણ પર પ્રતિબંધિત ચીજવસ્તુઓના અનઅધિકૃત વેચાણ કે ઉપયોગ કરતા સામે જાહેરનામું પ્રસિદ્ધ કરી રોક લગાવવામાં આવી છે. ત્યારે તંત્રની આંખોમાં ધૂળ નાખી કેટલાક લોકો ચાઈનીઝ દોરીનો સંગ્રહ અને વેચાણ કરી રહ્યા છે.

મહેસાણા જીંયની ટીમને મળેલ બાતમી આધારે દેદીયાસણ જૈંઢઝના ગેટ નંબર-૨ પાસે ઉભેલ એક શંકાસ્પદ શખ્સની પૂછતાજ તપાસ કરતા તેની પાસેથી કુલ રૂપિયા



૩,૨૦૦ ના ૧૬ નંગ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રીલ મળી આવ્યા હતા.જે આધારે પોલીસે ઝડપાયેલા શખ્સ અલ્તાફ મહેબૂબભાઈ સિપાઈ ઉ.વ.૧૯ રહે.મુસલમાન વાસ, દેદીયાસણ વાળાની અટકાયત કરી હતી. સમગ્ર મામલે મહેસાણા તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

થોડા દિવસ અગાઉ આંબલિયાસન ગામના પુલ પર બાઈક લઈ જઈ રહેલા યુવકનું ઘાતક દોરી વાગતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.ત્યારબાદ મહેસાણા પોલીસ ચાઈનીઝ દોરી અંગે ડ્રાઈવ શરૂ કરી આવી દોરી લાવી વેચાણ કરતા ઈસમોને ઝડપી કાર્યવાહી કરવા ની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## વડનગર તાલુકાના વલાસણા આયુષ્યમાન આરોગ્ય મંદિરનું નેશનલ લેવલ NQAS એસેસમેન્ટ કરાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના વલાસણા આયુષ્યમાન આરોગ્ય મંદિરનુ નેશનલ લેવલનુ એન.ક્યુ.એ.એસ.એસેસમેન્ટ કરવામાં આવ્યુ હતુ. દિલ્હીની ટીમ દ્વારા આ આરોગ્ય કેન્દ્રનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, વડનગર તાલુકા આરોગ્ય અધિકારી સહિત આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કલેક્ટરશ્રી એમ નાગરાજન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.હસરત જૈસમીનના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મહેશ કાપડિયા, વડનગર તાલુકા આરોગ્ય અધિકારી ડો.સી.એન.કડિયા ,ઈન્ચાર્જ જીલ્લા ક્વોલીટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ડૉ.કૌશિક ગજજરના પ્રયાસ થકી વડનગર તાલુકાના આયુષ્યમાન આરોગ્ય મંદિર વલાસણા ખાતે આજ રોજ દિલ્હીની એન. એચ. એસ. આર. સી. ની ટીમ દ્વારા નેશનલ લેવલના એસેસમેન્ટની કામગીરી કરવામાં આવી હતી. જેમા દિલ્હી એન. એચ. એસ. આર. સી. ખાતેથી આવેલ ડો.આસુતોષ પ્રતાપસિંગ અને ડૉ.કપિલ અગ્રવાલ દ્વારા આયુષ્યમાન આરોગ્ય મંદીર વલાસણાનું એસેસમેન્ટ કરવામાં આવ્યુ હતુ.

દિલ્હીની ટીમ દ્વારા વિવિધ સેવાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું જેમાં

(૧) સગર્ભા માતાની તેમજ પ્રસુતિ તથા પ્રસુતિ પછીની સાર સંભાળ (૨) નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકની આરોગ્યની સાર સંભાળ (૩) રસીકરણ સહિત બાળ-સંભાળ અને કિશોર-કિશોરીઓની પુરતી આરોગ્ય સેવાઓ (૪) કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને લગતી આરોગ્ય સેવાઓ (૫) સામાન્ય રોગચાળા દરમ્યાન આપવાની થતી સેવાઓ તેમજ સામાન્ય બીમારીઓના ઉપચાર (૬) રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન, જેમાં સંચારી અને રોગચાળા (૭) ડાયાબીટીસ, હાયપર ટેન્શન,કેન્સર જેવા નોન કમ્યુનીકેબલ (બિન સંચારી) રોગોનું નિદાન તેમજ સારવાર (૮) આંખ, નાક, કાન તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્કીનીંગ, નિદાન તેમજ સારવાર (૯) દાંતના આરોગ્યને સબંધિત સેવાઓ (૧૦) માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર (૧૧) વધુ વય ધરાવતા (વૃધ્ધ) વ્યક્તિઓ માટે ઉંમરને સંલગ્ન સારવાર (૧૨) ઈમરજન્સી સેવા જેવી તમામ ટીમ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં પાયાની સુવિધાથી લઈ આરોગ્યની સેવાનું નિરીક્ષણ કરાયું

**વેચવાની છે**

**ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે**

HYUNDAI- -10
MODEL 2016
GJ 08-BB 5588
MARUTI ERTIGA VXI
MODEL 2018
GJ 01 HV 7599

**સંપર્ક : મિતેશ કંસારા**
**7043999511**

## ઉત્તરાયણ તહેવાર પહેલા ૩ ઘાયલ, એકનું ગળું કપાયું

## કાતિલ દોરીથી બચાવવા મહેસાણાના યુવાનની પ્રેરણાદાઈ પહેલ:સેફ્ટીગાર્ડ મફત લગાવી આપવામાં આવી રહ્યા છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે પતંગની કાતિલ દોરીના કારણે ગળા કપાઈ જવાની ઘટનાઓ વાંરવાર બનતી હોય છે. ત્યારે મહેસાણા જિલ્લામાં પતંગ દોરી વાગવા થી અત્યાર સુધીમાં ત્રણ લોકો ઘાયલ થયા છે તો એક યુવાનનું ગળું કપાઈ જવાથી મોત નીપજ્યું છે. આ અતિ ગંભીર અને ઘાતક બાબતને ધ્યાનમાં રાખી મહેસાણા શહેરના યુવાને પ્રેરણાદાઈ પહેલ કરી છે.

પુરપાટ ઝડપે જતા વાહનચાલકોના બચાવ માટે




કાર્તિકસિંહ નામના યુવાને તમામ ટુ વ્હિલર વાહનો આગળ પતંગ દોરીથી બચાવ થાય એ માટે લોખંડના સળિયા સ્વરૂપે સેફટી ગાર્ડ વિના મૂલ્યે લગાવી આપવાનું શરૂ કર્યું છે. જે પણ ટુ વ્હિકલ વાહન ચાલક પોતાના વાહનના આગળના ભાગે સેફટી ગાર્ડ લગાવવા માંગતા હોય તેને પતંગની કાતિલ દોરીથી બચવા વિના મૂલ્યે લોખંડના સળિયાનો સેફટી ગાર્ડ લગાવી આપવા નું શરૂ કર્યું છે.

રૂપિયા બચાવવા, ખર્ચના ડરથી કે આળસના કારણે ઉત્તરાયણ દરમ્યાન જે લોકો સેફટી ગાર્ડ લગાવવા પ્રેરવા અને જાગૃતિ અર્થે વિના મૂલ્યે લોખંડના સળિયા રૂપે સેફટી ગાર્ડ લગાવી આપવામાં આવી રહ્યા છે, અત્યાર સુધી આ યુવાને ૧ હજાર કરતા પણ વધુ સેફટી ગાર્ડ લગાવ્યા છે.




# વધતી આબાદી વધારશે ઊર્જાનું સંકટ

ઊર્જા આજે દુનિયાની સૌથી મોટી જરૂરિયાત છે. એમ પણ પૃથ્વી કે સમગ્ર બ્રહ્માંડની સંરચના ઊર્જા પર જ ટકેલી છે. દરેક પ્રકારના વિકાસ પાછળ ઊર્જાનું જ યોગદાન છે. આપણે જે રીતે દુનિયામાં વિકાસનો પરચમ લહેરાવી રહ્યા છીએ, તેનું એક કારણ ઊર્જા જ છે, જે આપણા તમામ ચમત્કારનો આધાર છે. તેને એમ પણ કહી શકાય કે આજે દુનિયામાં શહેરોની વધતી સંખ્યા અને મોટર ગાડીથી લઈને એર કંડિશનર કે કિચન ગેઝેટથી લઈને કૂકિંગ ગેસ જેવી અન્ય ભૌતિક સુવિધાઓ બધાનો સ્રોત ઊર્જા જ છે. આ જ કારણ છે કે દુનિયામાં ઊર્જા ઉત્પાદન એક મોટો પડકાર બનતો જાય છે.

આપણા જ દેશમાં ૨૦૧૨-૧૩માં પ્રતિ વ્યક્તિ ઊર્જાની ખપત લગભગ ૯૧૪ કિલો વોટ હતી, જે ૨૦૧૯-૨૦માં લગભગ ૧૨૦૦ કિલો વોટ થઈ ગઈ. મતલબ સીધી લગભગ ૩૨ ટકા ઊર્જાની ખપત વધી ગઈ. હવે વધતી આબાદી અને તેના માટે ઊર્જાની જરૂરિયાત હજુ અનુત્તરિત છે. ભારતમાં દુનિયાની ૧૮ ટકા આબાદી વસે છે, પરંતુ આપણે આજે દુનિયાની પૂરી ઊર્જા ખપતના માત્ર છ ટકા હિસ્સો જ ઉપયોગ કરીએ છીએ. જો આ જ હાલત રહી તો ૨૦૪૦ સુધીમાં આપણી ઊર્જાનો વપરાશ બેગણો થઈ જશે અને તેના માટે જે પણ સ્રોત ફંફોસવામાં આવશે, તેની ક્ષમતાને સમજવા માટે તેમની વર્તમાન સ્થિતિ પર ધ્યાન આપવાની જરૂર છે. તેમના દોહનથી પેદા થયેલ અન્ય સંકટ પણ અવગણી ન શકાય. આજે ઊર્જા માટે મુખ્ય રૂપે કોલસો બાયોમાસ, ઓઈલ વગેરે સંસાધનોનો ઉપયોગ થાય છે, જેમની સ્થિતિ બહુ સ્થિર ન કહી શકાય. અસલમાં એક તરફ અસ્થિર સ્રોત અને બીજી તરફ વધતી ખપતે ચિંતા પેદા કરી દીધી છે.

દુનિયાભરમાં ૫૪ ટકા શહેરી ક્ષેત્ર ૭૦ ટકા ઊર્જાની ખપતનું કારણ બને છે અને ખાલી ૨૦ ટકા કાર્બન ફૂટપ્રિંટ શહેરોને કારણે છે. ૧૯૫૦માં ૭.૫ કરોડ લોકો શહેરોમાં હતા અને ૨૦૧૮ આવતાં-આવતાં ૪.૬ અબજ લોકો શહેરોમાં આવી ચૂક્યા છે. આપણા દેશમાં ૨૦૪૦ સુધી બીજા ૨૭ કરોડ લોકો શહેરોમાં પહોંચી જશે, કારણ કે શહેરોને જ વિકાસનાં કેન્દ્ર માનવામાં આવ્યાં છે. શહેર સુવિધાઓ ઉપરાંત રોજગારનો ગઢ પણ બની ગયાં છે. વધતી શહેરી આબાદી માટે આવાસ, પાણી, ભોજનની જરૂરિયાતો સીધા ઊર્જા પર નિર્ભર રહેશે. મુશ્કેલી એ છે કે શહેરી આબાદી વધતી જશે અને શહેર ભવિષ્યમાં પણ ઊર્જા ખપતનું સૌથી મોટું કેન્દ્ર બની જશે. જો સેન્ટ્રલ એનર્જી ઓથરિટીનો આંકડો જોઈએ તો ૨૦૧૯માં ૧.૩૭ કરોડ ઊર્જા યુનિટની જરૂરિયાત હતી અને ૨૦૩૦ સુધી ૨.૫૧ કરોડ ઊર્જા યુનિટની જરૂરિયાત પડશે. આપણી ઊર્જા નિર્ભરતા કોલસા પર વધુ રહી છે અને આવનાર સમયમાં આપણે કોઈપણ હાલતમાં આપણી આ નિર્ભરતાને ઘટાડીને ૬૩ ટકાથી ૫૬ ટકા પર લાવવી પડશે, કારણ કે આ આપણો સંકલ્પ આંતરરાષ્ટ્રીય સ્તર પર છે. પરંતુ શું એવું સંભવ હશે, તે એક મોટો સવાલ એટલા માટે પણ છે કે આપણે જે દેશમાં રહીએ છીએ, ત્યાં ઊર્જાનો સૌથી મોટો સ્રોત કોલસો જ છે. આ જ સંસાધન દેશમાં સૌથી વધુ છે અને મોટો દેશ હોવાના નાતે અને દરેક ઘર-ગામ સુધી ઊર્જા આધારિત સુવિધાઓ પહોંચાડવા માટે આપણે કોલસાના ઉપયોગ પર વધુ અંકુશ નહીં લગાવી શકીએ.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ફ્રીડમ ડે કેર સેન્ટર મુકામે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીનાં જન્મ દિવસ નિમિત્તે વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાયો



ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલીત ફ્રિડમ ડે કેર સેન્ટર (બૌધ્ધિક અસમર્થતા, મંદબુધ્ધિ, શારીરિક અશકત દિવ્યાંગ બાળકો માટે) છેલ્લા ચૌદ વર્ષથી ચલાવી રહયા છીએ. આ ઉપરાંત દરવર્ષની જેમ આ વર્ષે પણ પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજી નાં જન્મ દિવસ અંતર્ગત મંદબુધ્ધિ,સી.પી.,ઓટીઝમ દિવ્યાંગ બાળકો માટે ગુજરાત સ્પાષ્ટિક સોસાયટી અમદાવાદના નિષ્ણાંત ડોકટરની ટીમ નાં માધ્યમથી ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન તથા વાલીને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ યોગ્ય માર્ગદર્શન માટેનો સેમિનાર તારીખ-૨૫/૧૨/૨૦૨૪ને બુધવાર ના રોજ સમય-સવારે ૯:૩૦કલાક થી ૧:૦૦સુધી સ્થળ:- ફ્રિડમ ડે-કેર સેન્ટર,નિલકમલ શોપિંગ સેન્ટર,સામવેદ હોસ્પિટલ સામે, કલિકુંડ, ધોળકા રાખેલ હતો જેમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ બાળકોએ લાભ લીધો હતો. કેમ્પમાં મહેમાન તરીકે ધોળકા નગર પાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા , કાઉન્સિલર શ્રી સાકીરભાઈ મલેક અમદાવાદનાં નિષ્ણાંત ડોકટરો ની ટીમ ડો. સુભાષ આપ્ટે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર (ઓક્યુપેશનલ થેરાપિસ્ટ), ડૉ. મુંજાલ ઠાકર (એમ. ડી. હોમીયોપેથીક)દિપક ગોહિલ (ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ), ડો. મેહુલ સાગર ( કાઉન્સેલર), અસ્મા શેખ (સેક્રેટરી ગુજરાત સ્પાષ્ટીક સોસાયટી), ઉપસ્થિત રહી બાળકોને સેવાનો લાભ આપ્યો હતો. ઉપસ્થિત મહેમાન અને ડોક્ટરોનું સંસ્થાના પ્રમુખ શ્રી ભાવિન પરમાર, હરીશભાઈ પરમાર તથા સ્ટાફ ગૌરાંગીબેન, રાધાબેન હેમલતાબેન દ્વારા બુકે અને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને આભર વ્યકત કરવામાં આવ્યો હતો..

## ગૃહ વિભાગે પોલીસને આપ્યા મોટા આદેશ

# ૩૧ ડિસેમ્બરને લઈ સરકાર ફુલ એક્શન મોડમા આવી

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત રાજ્યમાં પ્રોહિબિશન કાયદાને વધુ મજબૂત કરવા માટે ગૃહ મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઈ હતી.

જેમા લેવાયેલ નિર્ણય અનુસાર રાજ્યભરના જિલ્લા પોલીસ વડાઓને આગામી ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીને ધ્યાને રાખીને દારૂ તથા નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને સેવનને રોકવા માટે સઘન અભિયાન ચલાવવાના આદેશ આપવામાં આવ્યા છે. આ પ્રોહિબિશન ડ્રાઈવ ૩૧ ડિસેમ્બર સુધી ચાલશે અને દરેક સ્ટેશનને રોજિંદા કામગીરીના રિપોર્ટ સબમિટ કરવા ફરજિયાત કરાયા છે.



કડક કાર્યવાહી માટે માર્ગદર્શિકા:

૧. સઘન નાકાબંધી અને પેટ્રોલિંગ

પડોશી રાજ્યોના માર્ગો પર કડક ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે, ખાસ કરીને દારૂના મુખ્ય પ્રવેશમાર્ગો પર. હાલમાં જ કડજોદરામાં રૂ. ૯૯ લાખનો દારૂ કબજે કરાયો હતો, જે ડીજીપીના આદેશ બાદની પ્રથમ મોટી કાર્યવાહી હતી.

કડક કાર્યવાહી માટે માર્ગદર્શિકા:

૧. સઘન નાકાબંધી અને પેટ્રોલિંગ

પડોશી રાજ્યોના માર્ગો પર કડક ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે, ખાસ કરીને દારૂના મુખ્ય પ્રવેશમાર્ગો પર. હાલમાં જ કડજોદરામાં રૂ. ૯૯ લાખનો દારૂ કબજે કરાયો હતો, જે ડીજીપીના આદેશ બાદની પ્રથમ મોટી કાર્યવાહી હતી.

૩. નાગરિકોની સુરક્ષા

૩૧ ડિસેમ્બર સુધીના આ અભિયાન હેઠળ દરેક જિલ્લામાં દારૂ, નાર્કોટિક્સ અને અન્ય અનિયમિત પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા નિર્ધારિત સત્રો રાખવામાં આવશે. પોલીસને પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન પકડાયેલા મુદ્દામાલ અને કાર્યવાહીનો દૈનિક રિપોર્ટ મથક પર મોકલવાનું ફરજિયાત કરાયું છે. થર્ટી ફર્સ્ટ પર ખાસ નજર

દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા વર્ષની ઉજવણી દરમિયાન દારૂની હેરાફેરીના કિસ્સાઓ વધી શકે છે. તેથી, આ વખતે પોલીસે એડવાન્સ રણનીતિ અપનાવી છે. સમગ્ર રાજ્યમાં દારૂના પ્રવેશમાર્ગો પર ખાસ પેટ્રોલિંગ વધારવામાં આવશે.

રાજ્યમાં શાંતિ જાળવવાનો પ્રયાસ

ગૃહ મંત્રાલયના આદેશ મુજબ, પ્રોહિબિશન ડ્રાઈવ રાજ્યની શાંતિ જાળવવા માટે મહત્વપૂર્ણ છે. નાગરિકોને દારૂના દૂષણથી મુક્ત અને સલામત માહોલ પૂરો પાડવા સરકારની આ અભિયાનને સફળ બનાવવાની મજબૂત તૈયારી પણ છે.

આ અભિયાન રાજ્યમાં દારૂના દૂષણ સામે મજબૂત સંદેશ આપશે અને નાગરિકોની સુરક્ષાની ભાવના વધારશે.

## ટ્રાફિકથી માંડીને પ્રદુષણ સુધીની સમસ્યા સર્જાય છે : 3 જાન્યુઆરીએ સુનાવણી

# જાહેર માર્ગો પર લારી-ગલ્લા-પાથરણાનું દબાણ : હાઈકોર્ટમાં વધુ એક જાહેર હિતની અરજી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૬

અમદાવાદ શહેરના બોપલ-સાણંદ તરફથી રોડ પર મણિપુર રેલ્વે અંડરપાસ પાસેના રસ્તાઓ સહિત શહેરભરમાં પર ગેરકાયદે દબાણો હટાવવા માટે જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી.

જોકે સમગ્ર મામલે આ જ બાબતની અરજી પેન્ડિંગ હોવાથી હાઈકોર્ટ અરજદારને તેમાં જોડાઈ જવા માટે સૂચન કર્યું હતી. આ મામલે વધુ સુનાવણી આગામી તા. ૩ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે.

જાહેર હિતની અરજીમાં દાદ મંગાઈ હતી કે શહેરના જાહેર માર્ગો અને ફુટપાથ પરથી ગેરકાયદે દબાણો, લારી-ગલ્લાવાલા અને પાથરણાવાળાઓને હટાવવા જોઈએ.

કેસની વિગતો અનુસાર બોપલથી મણિપુર તરફ જતાં ત્યાં બનેલા મણિપુર અન્ડરપાસમાં બાર મીટરની જગ્યામાંથી દસ મીટર જતી રહી અને બે મીટર જગ્યામાં પાનના ગલ્લા, ચાની કીટલી, દુકાનો સહિતના દબાણો થઈ ગયા છે અને તેના લીધે ટ્રાફિક સહિતની ગંભીર જટિલ સમસ્યા ઉભી થઈ છે.



આ માત્ર આ વિસ્તારની જ સમસ્યા નથી પરંતુ આ પરિસ્થિતિ સમગ્ર અમદાવાદ શહેરની પણ છે. અમદાવાદ શહેરમાં જાહેર માર્ગો અને ફુટપાથો પર ગેરકાયદે રીતે લારી-ગલ્લાવાળા, કાચી દુકાનો, શેડ્સ-પાથરણાંવાળા સહિતના અસંખ્ય દબાણો થઈ ગયા છે. જેના કારણે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે અને ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો સામાન્ય બન્યા છે.

તો સાથે સાથે ટ્રાફિક અને વાહનોના કારણે પ્રદૂષણની પણ ગંભીર સમસ્યા બની છે. બીજીબાજુ, ફુટપાથ પણ લોકો અને રાહદારીઓ માટે ચાલવા માટે છે. આ બાબતે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદાઓ છે છતાં તેનું પાલન થતું નથી અને ફુટપાથ પર પણ લારી-ગલ્લાવાળા એને પાથરણાંવાળાઓના મોટાપાયે દબાણો થઈ ગયા છે તે તાત્કાલિક દૂર કરવા જોઈએ.

જોકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાઈકોર્ટ સમક્ષ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે, અગાઉ થયેલી પીઆઈએલ અને તેમાં હાઈકોર્ટના હુકમનું પાલન નહી થતાં થયેલી કન્ટેમ્પ્ટ પિટિશન હાઈકોર્ટ સમક્ષ પડતર છે.

તેમાં હાઈકોર્ટે અમ્યુકો સહિતના સત્તાવાળાઓ પાસેથી પ્રગતિ અહેવાલ પણ માંગ્યો છે. જેથી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે કેસની વધુ સુનાવણી તા.૩ જાન્યુઆરી,૨૦૨૫ના રોજ રાખી હતી.

## પ્રોજેક્ટના 'રેરા' રજીસ્ટ્રેશનની જ ફેર વિચારણા કરવાનો દૂરગામી અસરકર્તા ચુકાદો

# વિવાદીત જમીન પર પ્રોજેક્ટ મુકનાર બિલ્ડરને 'રેરા'ની લપડાક : બુકીંગ - વેચાણ પર પ્રતિબંધ

ગાંધીનગર,તા.૨૬

જો કોઈ બિલ્ડર દ્વારા કોઈની માલિકીની જમીન ઉપર પ્રોજેક્ટ મંજૂર કરાવ્યો હોય અને તેના દાવાઓ ચાલતા હોય તો રેરા દ્વારા તે પ્રોજેક્ટને આગળ ચલાવવા તેમજ બુકીંગ લેવા ઉપર પ્રતિબંધ મુકી શકાય છે તેવું પ્રતિપાદિત કરતો ચુકાદો ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા આપવામાં આવ્યો છે.

આ કેસમાં વડોદરાના બિલ્ડર દ્વારા માલિકીના વિવાદગ્રસ્ત જમીન ઉપર ધ વિસ્ટા નામનો રેસીડેન્શીયલ પ્રોજેક્ટ મુક્યો હતો. જે જમીન ઉપર મૂળ માલિકે કરેલા દાવાના અનુસંધાને સિવિલ કોર્ટ દ્વારા યથાવત સ્થિતી રાખવાનો આદેશ કર્યો હોવાથી રેરા દ્વારા આ પ્રોજેક્ટના રજીસ્ટ્રેશનનો ફેર વિચાર કરવા અને નવા બુકીંગ લેવા સામે મનાઈ હુકમ ફરમાવતા બિલ્ડર લોબીમાં દાખલારૂપ કિસ્સો બેસાડ્યો છે.

શું છે ગંભીર મામલો?

કેસની વિગતો મુજબ વડોદરાના રહીશ સુધાબહેન જશવંતભાઈ પટેલ દ્વારા રેરા સમક્ષ એક અરજી કરીને વડોદરાના ફતેહગંજ વિસ્તારમાં ઈનબ્રીક્સ ડેવલપર્સના પ્રોપરાયટર મજીદખાન પઠાણ દ્વારા મુકવામાં આવેલી 'ધ વીસ્ટા રેસીડેન્શીયલ' નામના પ્રોજેક્ટને



આપવામાં આવેલા રજીસ્ટ્રેશન નંબરને પડકાર્યો હતો.

મૂળ વાત એવી હતી કે, આ જમીન અલગ-અલગ પ્લોટ્સને એકત્ર કરીને ખરીદવામાં આવી હતી. આ જમીનનો એક મોટો ભાગ સુધાબહેન પટેલને બક્ષીશના માધ્યમથી મળેલો હતો અને રેવન્યુ વિભાગમાં તેની એન્ટ્રી પડી હતી.

બીજી બાજુ મજીદખાન દ્વારા પણ આ જમીન બક્ષીશખતના માધ્યમથી પોતાની હોવાનું અને સુધાબહેન પટેલનો કોઈ ભાગ નહી હોવાથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અત્રે બાંધકામ કરવા માટે રજા ચિઠ્ઠી વર્ષ ૨૦૨૨માં મેળવી હતી. આ બાબતની ખબર પડતા અને સમગ્ર બાંધકામ ૨૨૪૩.૫૦ચોરસ મીટર પૈકી ૧૮૫૧ ચોરસ મીટર જમીન પોતાની હોવાથી પટેલ દ્વારા આ બાબતે સિવિલ કોર્ટમાં કેસ કર્યો હતો. કેસની તમામ હકીકતો ધ્યાનમાં લઈને સિવિલ કોર્ટ દ્વારા જમીન બાબતે યથાવત સ્થિતી જાળવવા હુકમ કર્યો હતો.

કોર્ટમાં દાવા થતા રજા ચિઠ્ઠી રદ થઈ

બીજી બાજુ વડોદરા મ્યુનિસિપર કોર્પોરેશન દ્વારા પણ સિવિલ કોર્ટ અને ત્યારબાદ હાઈકોર્ટમાં પણ કેસ થયો હોવાથી માલિકી હક્ક બાબતે સ્પષ્ટતા નહી હોવાથી કોઈપણ આગળ બાંધકામ નહી કરવા માટે આદેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત રજા ચિઠ્ઠી પણ એક જ વર્ષ માટે હોવાથી અને રીન્યુ નહી કરાવી હોવાથી તે સમાપ્ત થાય છે તેવો પત્ર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને બિલ્ડરને તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લખ્યો હતો. આથી સદરહુ પ્રોજેક્ટમાં બાંધકામ થાય જ નહી તેમ ફરિયાદીએ રેરા સમક્ષ જણાવ્યું હતું.

વિવાદીત જીમીનના માલિકના રેરામાં જવાનો હક્ક પ્રસ્થાપિત થયો

ઉપરોક્ત રજૂઆતને ધ્યાનમાં લઈને રેરા દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે, બાંધકામ માટેની રજા ચિઠ્ઠીનું અસ્તિત્વ રહેતું નથી. વળી સિવિલ કોર્ટમાં પણ જમીનની યથાવત સ્થિતી રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આવા સંજોગોમાં બિલ્ડર એલોટીને યુનિટની માલિકી અને કબજો આપી શકે તેમ નથી. આથી આ પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન ફેરવિચારણાને પાત્ર છે.બીજી બાજુ ફરિયાદી સુધાબહેન પટેલ આ પ્રોજેક્ટના એલોટી નથી પરંતુ તેઓ રેરા એક્ટની કલમ ૩૧ મુજબ અસરકર્તા છે. જો પ્રોજેક્ટમાં બાંધકામ થાય તો તેમના માલિકીહક્કને અસર થાય તેમ છે. આથી તેઓની ફરિયાદ સાંભળવાને લાયક છે અને તેઓ અસરગ્રસ્ત/દુભાયેલ વ્યક્તિ હોવાથી રેરા સમક્ષ ફરિયાદ કરવાને પાત્ર ઠરે છે.

અંતે વેચાણ ઉપર પ્રતિબંધ

ઉપરોક્ત અવલોકનો કરીને રેરા દ્વારા આ હુકમની નકલ રેરાના ખાસ સચિવને ફેર વિચારણા માટે મોકલવા માટે આદેશ કર્યો હતો. વધુમાં આ પ્રોજેક્ટમાં કોઈ નવા બુકીંગ કરવા નહિ કે વેચવા નહિ તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**મીથુન (ક,છ,ઘ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**સિંહ (મ,ટ) :** ાવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

### નવા વર્ષની નવી પેર

# શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરીની 'અર્જુન ઉસ્તરા'

### વિશાલ ભારદ્વાજના ડાયરેક્શનમાં બની રહેલી ફિલ્મનું શૂટિંગ ૬ જાન્યુઆરીથી શરૂ થશે

મુંબઈ, તા.૨૪

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી પહેલી વખત એકસાથે વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં કામ કરી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થઈ રહ્યું છે અને હવે આ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર થઈ ગઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં આ ફિલ્મની જાહેરાત થઈ હતી કે, ફરી એક વખત શાહિદ અને વિશાલ ભારદ્વાજ એકસાથે કામ કરશે. આ ફિલ્મ સાજીદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. પાછળથી આ ફિલ્મની કાસ્ટમાં તૃપ્તિ ડિમરી પણ જોડાઈ હતી.

અહેવાલો અનુસાર આ ફિલ્મનું નામ હાલ 'અર્જુન ઉસ્તરા' આપવવામાં આવ્યું છે. આ ફિલ્મનું શૂટિંગ ૬ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થશે. ફિલ્મના મેકર્સ દ્વારા આ અંગે ઓફિશીયલ જાહેરાત કરીને આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે, આ ફિલ્મ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસે રિલીઝ થશે.નડિયાદવાલા એન્ડ ગ્રાન્ડસન એન્ટરટેઈન્મેન્ટ દ્વારા આ અંગે ઓફિશીયલ જાહેરાત કરવામાં આવી છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર આ અંગે પોસ્ટ કરી હતી. જેમાં લખ્યું હતું,''સાજીદ નડિયાદવાલા રજૂ કરે છે વિશાલ ભારદ્વાજની ફિલ્મ! એક જોરદાર ફિલ્મી સફર ૬ જાન્યુઆરી, ૨૦૨૫એ શરૂ થશે. ફિલ્મ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ એ રિલીઝ થશે.'' આ ફિલ્મમાં શાહિદ કપૂર અને નાના પાટેકર સિવાય રણદીપ હુડા અને નાના પાટેકર જેવા કલાકારો પણ છે. આ પોસ્ટમાં ટૅગ કરેલાં કલાકારો પરથી આ બબાતનો અંદાજ આવે છે. ત્યારે ફિલ્મ રસિકોએ આ ફિલ્મને પાવરપૅક સ્ટારકાસ્ટ ધરાવતી ફિલ્મ ગણાવી કો કોઈએ શાહિદને લાંબા સમય પછી એક ગંભીર રોલમાં જોવા અંગે ઉત્સુકતા અને આશા વ્યક્ત કરી હતી. હાલ આ ફિલ્મનું નામ હાલ 'અર્જુન ઉસ્તરા' કે પછી 'એવિલ' રાખવાનું વિચારણા હેઠળ છે. તાજેતરમાં શાહિદ કપૂરે પણ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શેર કર્યું હતું કે તેણે તેણે પોતાની આગામી ફિલ્મ માટે તૈયારી શરૂ કરી દિધી છે. તેણે લખ્યું,''તૈયારીનો ટાઈમ, નયા સાલ નયા માલ...નેક્સ્ટ કેરેક્ટર, નેક્સ્ટ ફિલ્મ..હું એવું શું કરી શકું, જે મેં પહેલાં નથી કર્યું..જંગલમાં ખોવાઈ જઉં...''શાહિદે તાજેતરમાં જ તેની ફિલ્મ 'દેવા'નું કામ પૂરું કર્યું છે.

તેણે લખ્યું,''જો તમે ખોવાઈ જવા માટે તૈયાર ન હોય તો તમે કશું નવું કરી શકો નહીં...દેવા ડાર્ક હતી અને તેમ છતાં ઉમદા અને સંવેદનશીલ હતી. હવે આ નવો માણસ કેવો હશે..હજુ તો કોઈ અંદાજ નથી..૯૦ના દાયકાના એજી, નાસ્ટી, ગેંગ્સ્ટરમાં પ્રવીશી રહ્યો છું...''આ ફિલ્મ ૯૦ના દાયકાના મુંબઈના અંડરવર્લ્ડ પર આધારીત હોવાનું અનુમાન છે. જેમાં શાહિદ એક ગેંગ્સ્ટરના રોલમાં જોવા મળશે.

# અશાંત વિસ્તારમાં મિલ્કતનો સોદો SDM એ નામંજૂર કર્યો : હાઇકોર્ટે આદેશ રદ કરી નાંખ્યો

**હિંદુ - જૈનોની બહુમતીવાળી સોસાયટીએ મુસ્લિમ દંપતિને પ્લોટ વેંચવા સામે વાંધો ઉઠાવ્યો હતો : અરજી ફરી સાંભળી છ સપ્તાહમાં સાંભળવા આદેશ : ભાવનગરના બોરડી ગેટનું પ્રકરણ ચર્ચામાં**



અમદાવાદ, તા.૨૬

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે ભાવનગરના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશને રદ કર્યો છે. જેમાં મુસ્લિમ ખરીદદાર દંપતી દ્વારા ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ હેઠળ પરવાનગી આપવા માટે કરાયેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી.

દંપતીએ જેમણે હિંદુ વિક્રેતા પાસેથી મિલકત ખરીદી હતી પરંતુ તેઓને મંજૂરી નહીં મળતા હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેની સુનાવણી બાદ તેમને હાઈકોર્ટે આદેશ રદ કરીને ઓથોરિટીને છ સપ્તાહમાં અરજી પર નવેસરથી નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટ મનોજ કણબી દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં તેણે ભાવનગરના કૃષ્ણનગરમાં બોરડી ગેટ ખાતે પંકજ સોસાયટીમાં ૨૫૬ ચોરસ મીટરના પ્લોટની મિલકત વેચી દીધી હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

તેઓએ જાન્યુઆરી, ૨૦૨૩ માં વેચાણ માટે કરાર કર્યો હતો અને તેનો કબજો ખરીદનાર મોહમ્મદ હસનૈન વિરાણી અને યાસ્મીન વિરાણીને આપવામાં આવ્યો હતો અને તેઓએ પ્લોટમાં રહેતા હોવાનું જણાવ્યું હતું. આ વિસ્તારને અશાંત ધારા હેઠળ સૂચિત કરવામાં આવ્યા છે તેથી તેઓએ જીહ્ર્સ ની ફરજિયાત પરવાનગી માટે અરજી કરી.

જો કે, મામલદાર અને પોલીસ સત્તાવાળાએ નકારાત્મક અભિપ્રાય આપ્યો હતો કારણ કે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીએ મિલકતના ટ્રાન્સફર સામે વાંધો ઉઠાવ્યો હતો કારણ કે સોસાયટીમાં હિન્દુઓ અને જૈનોની બહુમતી છે. મિલકતના વેચાણને કારણે પણ સાંપ્રદાયિક અશાંતિ સર્જાઈ શકે છે.

અરજદારે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, જીહ્ર્સ એ અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૫(૩)(બ) ની જોગવાઈઓ મુજબ કામગીરી કરી નથી, જેમાં સ્થાવર મિલકતના ટ્રાન્સફરનો નિર્ણય લેવા, ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફર કરનાર વ્યક્તિની મુક્ત સંમતિ અને ટ્રાન્સફર કરવાની દરખાસ્ત કરેલ સ્થાવર મિલકતની વાજબી કિંમત નક્કી કરવામાં આવી છે કે નહીં તેની જોગવાઈ કરવામાં આવી છે. કલેકટર કચેરી દ્વારા કરવામાં આવેલા આદેશમાં આવી કોઈ જાણકારી આપવામાં આવી નથી.

બીજી બાજુ સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, સંબંધિત સત્તાવાળાઓ તેમજ વાંધો ઉઠાવનારાઓ પાસેથી સંબંધિત અભિપ્રાયો મેળવ્યા બાદ અરજીનો નિર્ણય લેવામાં આવ્યો છે. બંને પક્ષકારોને સાંભળ્યા પછી, હાઈકોર્ટે આ મામલે કાયદાની જોગવાઈને ધ્યાનમાં રાખીને નવેસરથી નિર્ણય લેવા માટે સત્તામંડળને પાછો મોકલવામાં આવેલ છે.

# મુસાફરોને બસની ટિકિટ માટે છુટા રૂપિયામાંથી મુક્તિ

## પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧,૮૫૦ બસોમાં ૩,૦૦૦થી વધુ 'એન્ડ્રોઇડ ટિકિટ મશીન' કાર્યરત

**દૈનિક સરેરાશ ૧૫ હજાર જેટલા ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને રૂ. ૧૩ લાખની આવક**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૬

ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં 'ડિજિટલ ગુજરાત'ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮,૫૦૦ થી વધુ બસ ઓપરેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે.

નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગત વર્ષે તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. જેના ભાગરૂપે પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧,૮૫૦થી વધુ બસોમાં ૩,૦૦૦થી વધુ 'એન્ડ્રોઇડ ટિકિટ મશીન' / 'સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન' ફાળવવામાં આવ્યા છે.'ડિજિટલ ગુજરાત' થકી ડિજિટલ ટ્રાન્જેકશનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેકશનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂ. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે. ચછ પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ રૂ.૩૦.૫૩ કરોડથી વધુની એસ.ટીને આવક કરાવી 'ડિજિટલ ટ્રાન્જેકશન' પર ભરોસો મુક્યો છે. જેમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે.



ગુજરાત એસ.ટી નિગમ દ્વારા નાગરીકોને હવે મુસાફરી કરવામાં રોકડ કે છુટા પૈસા પોતાની જોડે રાખવાની જરૂર રહેશે નહિ. નિગમે 'ડિજિટલ ઈન્ડિયા - ડિજિટલ ગુજરાત'ને પ્રોત્સાહન આપવા તેમજ રોકડ નાણાંના વિકલ્પ રૂપે મુસાફરો બસની અંદર જ ટિકિટીંગ મશીનમાં ડાયનામિક ચછના માધ્યમથી ડિજિટલ ટ્રાન્જેકશન દ્વારા ટિકિટ મેળવી શકે છે.

ગુજરાત એસ.ટી નિગમ દ્વારા પ્રથમ તબક્કામાં ચાર વિભાગના ૩,૦૦૦ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટ મશીનમાં ચછ આધારિત ઝઙઈ પેમેન્ટ સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં મુસાફરો પોતાના ફોનથી ઝઙઈ અથવા ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડ મારફતે પોતાની ટિકિટ લઈ શકે છે, જો કોઈ કારણસર મુસાફરનું ટ્રાન્જેકશન રદ થાય તો માત્ર એક જ કલાકમાં મુસાફરોને તેમની રકમ પરત ડિજિટલ માધ્યમ થકી પોતાના બેંક એકાઉન્ટમાં પરત મળી જાય છે

# સુરત પાસે સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનનાં ડબ્બા ખડી પડયા : ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી મોટી દુર્ઘટના ટળી

સુરતના કિમ રેલવે સ્ટેશને દાદર પોરબંદર સૌરાષ્ટ્ર એકસપ્રેસનાં ચાર ડબ્બા પાટા પરથી ઉતર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. સૌરાષ્ટ્ર એકસપ્રેસનો પાર્સલ ભરેલો ડબ્બો પહેલા પાટા પરથી ખડી પડતા ફફડાટ મચ્યો હતો. ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી મોટી દુર્ઘટના ટળી છે.

મળતી માહિતી મુજબ ટ્રેન કિમ સ્ટેશનથી થોડે જ દુર આગળ હતી ત્યારે પાર્સલ ભરેલો ડબ્બો પાટા પરથી ઉતરી ગયો હતો. તેની પાછળના અન્ય ત્રણ ડબ્બાને પણ અસર થઈ હતી.



સદનસીબે ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી.

પશ્ચિમ રેલવેનાં પીઆરઓએ એક સતાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૯૦૧૫ સૌરાષ્ટ્ર એકસપ્રેસનો ડબ્બો ખડી પડયો હતો. એન્જીન પછીનો ડબ્બો ખડી પડયો હતો. એન્જીન પછીનો પાર્સલનો આ ડબ્બો પાટા પરથી નીચે ઉતર્યો હતો તેને કારણે પાછળના ત્રણ ડબ્બાને પણ વધતે ઓછે અંશે અસર થઈ હતી.જોકે ટ્રેનની સ્પીડ એકદમ ઓછી હોવાના કારણે મોટી દુઘર્ટના ટળી હતી.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી બની રહેલી રેલવે દુર્ઘટનાને કારણે ટ્રેનમાં મુસાફરી કરતા લોકોની સુરક્ષાના મુદ્દે મોટો પ્રશ્ન ઉદભવી રહ્યો છે. અવાર-નવાર બનતી આવી ઘટનાઓએ લોકોમાં ભયનો માહોલ સર્જયો છે.

ગત મહિને પશ્ચિમ બંગાળના હાવડા જીલ્લાનાં નોલપુરમાં શાલીમાર-સિકંદરાબાદ સાપ્તાહીક સ્પેશ્યલ ટ્રેન અકસ્માતનો શિકાર થઈ હતી. તેમાં ટ્રેનના ત્રણ ડબ્બા પાટાથી ઉતરી ગયા હતા.

# જીભ સુધરે તો જીવન સુધરે છે.

## ધારીએ એવું થતું નથી અને વિચારીએ એવું હોતું નથી એનું નામ "જીંદગી"પારખવાની કોશીશ તો ઘણી કરી લોકોએ પરંતુ...અફસોસ સમજવાની કોશીશ કોઇ નથી કરતું



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો મનુષ્યના શરીરમાં નવ છિદ્રો છે. તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો. ઈન્દ્રિયોનો નિરોધ કરો અને ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળો.

તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છેઃ પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં વરાહનારાયણની અવતારની કથા કહી છે. ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યું છે. યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી. કાયા, વાણી, મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે. સત્ય બોલવું તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ યજ્ઞ છે. યજ્ઞ વિના, સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્ત શુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવશરીર એ ઘડો છે. આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં. એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે.જ્ઞાન થવું એ અઘરું નથી, પણ આવેલું જ્ઞાન ટકતું નથી.જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિ શક્તિને અટકાવ વાની છે.જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે. ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગ માં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે મસ્તકમાં રહ્યું નથી. પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્મા ની પાછળ પડે તે સંત. વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે,ત્યારે શાસ્ત્ર સંત ની પાછળ દોડે છે.શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન,પ્રભુને રિઝવી ને પ્રભુ પ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત.

ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. મીરાંબાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી.તુકારામ મહા રાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી.જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યા ક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે.

તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં?તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે,મનુષ્ય માને છે કે પ્રભુએ મને ઓછું આપ્યું છે.

સ્વયંભુવ મનુની રાણીનું નામ શતરૂપા.મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં. તેમનાં નામો પ્રિય વ્રત અને ઉત્તાનપાદ,ત્રણકન્યાઓ થઈ.તેમનાં નામો આકૃતિ,દેવહુતિ તથા પ્રસૂતિ.તેમાં આકૃતિ રુચિને, દેવકૃતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી.દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા.

વિદુરજી પ્રશ્ન કરે છે કે,હે મૈત્રેય જી,આ કપિલ ભગવાનની કથા મને કહો.

મૈત્રેયજી કહે છે, કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય. શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે, જ્ઞાન પ્રગટે છે.

જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર, શુદ્ધ આચાર, શુદ્ધ વિચારથી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે. જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો.

જિતેન્દ્રિય થવા માટે સરસ્વતીના કિનારે રહેવું પડશે. સરસ્વતીનો કિનારો એટલે સત્કર્મનો કિનારો. યમુનાજી ભક્તિનું સ્વરૂપ છે. ગંગા જ્ઞાનનું અને સરસ્વતીસત્કર્મ નું સ્વરૂપ છે.લક્ષ્ય વગરનોઆદમી સઢ વગરના વહાણ જેવો છે.

કર્દમ જિતેન્દ્રિય મહાત્મા છે. તેમણે ખૂબ તપશ્ચર્યા કરી. શરીરમાં હાડકાં જ બાકી રહ્યાં છે. કર્દમની તપશ્ચર્યા જોઈ પ્રભુ પ્રસન્ન થયા. આંખમાંથી હર્ષના આંસુ નીકળ્યાં. તેનું થયું બિંદુ સરોવર. સિદ્ધપુરની જાત્રા વખતે આ બિંદુ સરોવરમાં સ્નાન કરવું પડે છે. તમે ખૂબ ધ્યાન કરશો તો ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે, તમને દર્શન આપશે. ભગવાનનું ધ્યાન ન થાય તો વાંધો નહીં, પણ સાવધાન રહેજો કે તમારું મન સંસારના વિષયોમાં સ્થિર ન થાય આંખ રતનનું જતન કરજો. આંખની શક્તિ વેડફી નાંખશો નહીં. સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. પૈસા વધે એટલે લોકોમાં વિવેક રહેતો નથી.

જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ.જગત કરતાં પણ જગત નો સર્જનહાર સુંદર છે.લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામસુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્યસુંદર છે તેવું માનજો.ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે.નાથ તમને પ્રાપ્ત કરી સંસારસુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્માજીએ આજ્ઞા કરી છે તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી. મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે. ધર્મમાં આચરણ માટે પત્ની છે એટલે તો પત્નીને ધર્મ પત્ની કહી છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતા નથી.એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસારસાગર પાર કરી શકે નહીં.સ્ત્રી એ નાવડી અને પુરુષ એ નાવિક છે. એકને બીજાનો સાથ જોઈએ. પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહં. વિવેક અને સ્નેહ મળશેતો ભક્તિ પ્રગટ થાય છે.પુરુષએજ્ઞાનસ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે.સ્ત્રીએ ક્રિયા શક્તિ છે.

ઘણાંને આશ્ચર્ય થશે કે, કઈમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી કર્દમે વિચાર્યું કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી.

ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે.

હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. જગતને મારે સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રીહરિ ત્યાંથી વિદાય થયા.

પતિ-પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે,હું તેમને ત્યાં જન્મ લઉં.નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુમહારાજ, શતરૂપા અને દેવ હુતિ સાથે કર્દમઋષિના આશ્રમ માં આવે છે.કર્દમ વિવેકથી દેવ હુતિની પરીક્ષા કરે છે.કર્દમ ઋષિ એ ત્રણ આસનો બિછા વ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે. મનુ, શતરૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી.કર્દમે કહ્યું, આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!

દેવહુતિએ વિચાર કર્યો કે,ભવિષ્ય માં આ મારા પતિ થવાના છે. પતિએ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી ? દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસન ની બાજુમાં બેસે છે.

બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે. આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે.

કર્દમ વિચારે છે, છોકરી છે તો લાયક, લગ્ન કરવામાં હરકત નથી. મનુમહારાજે કહ્યું, આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું.

કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે. કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ.

કન્યા દાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે, સંતતિઓ માટે એવું નથી લખ્યું, માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મપુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે. પિતા પુત્રને કહે છે, તું મારો આત્મા છે.એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે.

કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે. તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે. લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. કારણ બધા જાણે છે કે, લગ્ન કર્યા પછી એ સાવધ રહેવાનો નથી. લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યો અથવા જે પહેલા સાવધાન થયો તે જીત્યો.

## મુખ્યમંત્રીને પત્ર લખી પાટણ એસપીને કાયદાનું પાલન કરાવવા વિનંતી કરી

# પાટણ યુનિવર્સિટીમાં દારૂની મહેફિલના મુદ્દે હડતાલ કરનાર કોંગ્રેસ ધારાસભ્ય કિરીટ પટેલ શરણે થયા

(ગરવી તાકાત) પાટણ, તા.૨૬

પાટણની ઉંદ્રંદ્રેમાં દારુની મહેફિલનો મામલો હાલ ખુબ ગરમાયો છે. ઉંદ્રંદ્રે માં ભૂખ હડતાળ દરમિયાન થયેલા ઘર્ષણ મામલે સ્ન્છ કિરીટ પટેલે ૧૦ દિવસ બાદ આજે વહેલી સવારે સેરેન્ડર કર્યું છે.

જેમાં આજે વહેલી સવારે પૂર્વ સ્ન્છ ચંદનજી ઠાકોર સહિતના કોંગ્રેસના આગેવાનો પોલીસ સ્ટેશને હાજર થયા હતા. ત્યારે હવે ધારાસભ્ય કિરીટ પટેલે આ મામલે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે રાજકીય ઈશારે તેમને જેલમાં પુરવાનું ષડયંત્ર રચાયુ હોવાથી પાટણ એસ.પી.ને યોગ્ય સુચના આપી કાયદાનું પાલન કરાવવા વિનંતી કરી છે.





ધારાસભ્ય કિરીટ પટેલે સરેન્ડર કર્યા બાદ હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. જેમાં તેમણે આરોપ લગાવ્યો છે કે, સુપ્રિમ કોર્ટના ચુકાદાની વિરુદ્ધમાં જઈને અમારા તથા ટેકેદારોને ખોટી રીતે જેલમાં પુરવાનું ષડયંત્ર કરવામાં આવ્યું છે જેને રોકવા માટે તેમણે મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

આ પત્રામાં કિરીટ પટેલે જણાવ્યું કે, પાટણ યુનિવર્સિટીમાં ખુલ્લેઆમ દારુ પીનારા સામે નવ દિવસ સુધી કોઈ ફરિયાદ ન નોંધાતા અમે આ બાબતે ફરિયાદ થાય તેવી રજૂઆત કરવા માટે યુનિવર્સિટીમાં તારીખ ૧૬ ડિસેમ્બરે ગયા હતા. જ્યારે અમે કુલપતિ સાથે તેમની ઓફિસમાં ચર્ચા કરી રહ્યા હતા ત્યારે બહાર રજા ઉપરના સાદા ડ્રેસમાં હાજર પોલીસમેન અને વિદ્યાર્થી વચ્ચે મામલો ઉગ્ર બનતા એક બીજાને લાફો માર્યો હતો.જો કે, વિદ્યાર્થીને ખબર ન હતી કે, સાદા કપડામાં આ પોલીસ છે. જે બાદ અમે કુલપતિની ઓફિસ બહાર આવીને આ મામલો શાંત પાડ્યો હતો. જે બાદ એક દિવસ પછી તારીખ ૧૭ ડિસેમ્બરના રોજ યુનિવર્સીટીએ નહીં પણ પોલીસે અમારા તથા ૨૦૦ માણસોના ટોળા સામે એફઆઈઆર કરેલ છે. જેમાં કેટલાક વિદ્યાર્થીઓને તાત્કાલિક ધરપકડ કરી જામીન પાત્ર ગુનો હોવા છતા દાવ પેટ રમીને બે દિવસ ખોટી રીતે પોલીસ કસ્ટડીમાં રાખ્યા હતા.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, આજે સવારે ૬ લાગે બી ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલા છીએ. અમારી સાથે પણ આજ પ્રકારનો વ્યવહાર રાજકીય ઈશારે થશે એવી અમને દહેશત છે. અમારી સામે કાયદાની જોગવાઈ મુજબ તરત જ જામીન મળે તેવી ફરિયાદની કલમો છે. કોઈ ગંભીર અપરાધ નથી. ત્યારે કિરીટ પટેલે તેમની રજૂઆતને તાકીદે ધ્યાને લઈને પાટણ એસ.પી.ને યોગ્ય સુચના આપી કાયદાનું પાલન કરાવવા વિનંતી કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કાંકરેજના શિક્ષકો દ્વારા મામલતદાર વી.એમ. પટેલનું સન્માન કરાયું



(ગરવી તાકાત) કાંકરેજ તા.૨૬

કાંકરેજ તાલુકા શિક્ષક સંઘ અને જિલ્લા શિક્ષક સંઘ દ્વારા કાંકરેજ મામલતદાર વી.એમ. પટેલ નું સાલ ઓઢાડી પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું જેમાં જિલ્લા શિક્ષક સંઘ ના ઉપ પ્રમુખ દશરથજી ઠાકોર. જિલ્લા શિક્ષક સંઘ ના મહિલા અધ્યક્ષ બિન્દુબા ઝાલા. પુર્વ શિક્ષક સંઘ ના પ્રમુખ જગમાલભાઈ જોષી. કાંકરેજ તાલુકા શિક્ષક સંઘ પ્રમુખ જયરામભાઈ જોષી. મંત્રી તેજાજી પરમાર. ખજાનચી વીરેન્દ્રભાઈ મામતોરા સહીત શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને કાંકરેજ તાલુકા મામલતદાર વી.એમ. પટેલને સન્માનિત કરી ને શુભેચ્છા પાઠવી હતી જોકે પ્રાથમિક શાળામાં રજાનો દિવસ હોવાથી શિક્ષક મિત્રો પણ કાંકરેજ તાલુકા મામલતદાર કચેરીમાં મુલાકાત લઈ ને મામલતદારને શુભેચ્છા પાઠવી હતી.

## ડીસા મોચીવાસમાં લીલા ઝાડનું નિકંદન કાઢી નાંખનાર શખ્સ સામે કાર્યવાહી કરવા મામલતદારને કરાઈ રજૂઆત

(ગરવી તાકાત) ડીસા તા.૨૬

ડીસા શહેર અને પંથકમાં લીલા વ્રુક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે ડીસાના પર્યાવરણ પ્રેમી ધારાસભ્ય હોવા છતાં પર્યાવરણના દુશ્મનો ખુલ્લેઆમ કોઈપણ જાતના સરકારના ડર રાખ્યા વિના ખુલ્લેઆમ લીલા વ્રુક્ષોનું નિકંદન કાઢી રહ્યા હોવાને લઈને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે આક્રોશ છવાયો છે

ત્યારે ડીસા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વ્રુક્ષ વાવો વરસાદ લાવોનું પર્યાવરણ બચાવા દેશ બચાવોના નારા માત્ર કાગળ પર જોવા મળી રહ્યા છે અને શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજબરોજ ખુલ્લેઆમ લીલા વ્રુક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. અને રોજ સવારે પાટણ હાઈવે પર લીલા વ્રુક્ષો ભરેને દોડતી ઉંટ લારીઓ અને ટ્રેક્ટરો નજરે પડી રહ્યા છે છતાં ડીસા મામલતદાર પોલીસ કે ફોરેસ્ટ વિભાગના અધિકારીઓને નજરે પડતી નથી જેને લઈને પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે ત્યારે



(તસ્વીર-અહેવાલ : પારસ વ્યાસ, ડીસા)

મોચીવાસ વિસ્તારમાં રામાપીર મંદીરની લીલા ઝાડ કાપી દેવાતાં સ્થાનિકોમાં ભારે આંકોશ છવાઓ છે લીલા વ્રુક્ષોનું નિકંદન કાઢનાર શખ્સ સામે કાર્યવાહી કરવા સ્થાનિકોએ મામલતદાર કચેરી ખાતે લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. મોચીવાસ વિસ્તારમાં વર્ષો જુનું ઝાડ કાપી નંખાતા પર્યાવરણ પ્રેમીઓમાં ભારે આક્રોશ છવાયો છે ત્યારે પર્યાવરણ પ્રેમી ડીસાના ધારાસભ્ય પ્રવીણભાઈ માળી દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં લીલા વ્રુક્ષોનું નિકંદન કાઢનાર શખ્સો સામે કડક કાર્યવાહી કરવાની વહીવટીતંત્રને સુચનાઓ આપવામાં આવે તેવી પર્યાવરણ પ્રેમીઓની લાગણી સાથે માગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ડીસાના જોખમનગર વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સને દક્ષિણ પોલીસે ઝડપી પાડ્યો

(ગરવી તાકાત) ડીસા તા.૨૬

ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પી આઈ વી એમ ચૌધરીએ દક્ષિણ પોલીસ સ્ટેશનની હદમાં દારૂ જુગાર સહિત અસમાજીક પ્રવુતિઓને ડામી દેવા માટે કાગળ પર કાર્યવાહી કડક કરવામાં આવી રહી છે ત્યારે ચિરાગ કોરડીયા, પોલીસ મહાનિરીક્ષક, સરહદી રેંજ કચ્છ-ભુજ તથા અક્ષયરાજ, પોલીસ અધિક્ષક બનાસકાંઠા જીલ્લાનાઓએ પ્રોહી/જુગારની પ્રવૃતીઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરેલ હોય,જે અંતર્ગત સી.એલ.સોલંકી, નાયબ પોલીસ અધિક્ષક ડીસા વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ,વી.એમ.ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટર ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે પોલીસ



(તસ્વીર-અહેવાલ : પારસ વ્યાસ, ડીસા)

વિસ્તારમાં પ્રોહી-જુગાર લગત પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ડીસા શાંતીનગર સોસાયટી પાછળ આવેલ જોખમનગરમાં રહેતા માલારામ હરચંદજી બિશ્નોઈ હાલ રહેવાસી ડીસા જોખમનગર તા.ડીસા મુળ રહે.વરણવા તા.સાંચોર (રાજસ્થાન)વાળો પોતાના પોતાના રહેણાંક મકાનમા ગેર કાયદેસર અને વગરપાસ પરમીટે ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે જે હકીકત આધારે મજકુર ઈસમના ઘરેપ્રોહિ અંગે રેઈડ કરતા મજકુર ઈસમ ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈગ્લીશ દારૂની બોટલો તથા બિયરની કાચની બોટલો મળી કુલ નંગ-૯૩ કુલ કિ.રૂ.૩૨૦૧૫/- નો પ્રોહી મુદ્દામાલ તેમજ રોકડ રકમ રૂપીયા.૨૪૬૦ મળી કુલ રૂ.૩૪,૪૭૫/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા મજકુર ઈસમ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી.

## બેચરાજી તાલુકાના સુરજ ગામે ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત આજરોજ બેચરાજી તાલુકાના સુરજ ગામે ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં પ્રાકુતિક ખેતીના પાંચ આયામો જેવા કે જીવામૃત, બિજામૃત, ઘનજીવામૃત, આછાદન ઉપરાંત મિશ્રપાક ખેતી પધ્ધતિ, અંતર વાવણી ઉપરાંત સંરક્ષણના ઉપાયો નિમાસ્ત્ર બ્રહ્માસ્ત્ર અગ્નિઅસ્ત્ર ખાટી છાશ વગેરે વિશે માહિતી આપી હતી તેમજ માનવજીવન પર રસાયણિક ખેતીની થતી આડ અસર વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. એમ વેણપુરા ગામના ગ્રામસેવક જે.જે.વાલેવડીયાએ જણાવ્યું હતું .

## કડકડતી શિયાળાની ઠંડીમાં તસ્કર ટોળકી સક્રિય બની

# હિંમતનગર તાલુકાના ગાંધીપુરા કંપામાં તસ્કર ટોળકીએ ચાર બંધ મકાનને નિશાન બનાવ્યા

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંધીપુરા કમ્પામાં ગતરાત્રીએ તસ્કર ટોળકી ત્રાટકી હતી અને ગામમાં ચાર બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરી હતી. જોકે ચોરી અંગે આજે સવારે ગ્રામજનોને ખબર પડતા ગાંભોઈ પોલીસને જાણ કરવામાં આવી છે.

આ અંગેની વિગત એવી છે કે, ગાંધીપુરા કમ્પામાં બુધવારે રાત્રીના સમયે ગામની વીજ લાઈટો બંધ થઈ ત્યાર બાદ તસ્કર ટોળકી ત્રાટકી હતી અને ગામમાં અલગ અલગ ફળિયામાં બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરીને સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી લઈ ગયા હતા. જ્યારે ગામમાં એક મકાન માલિક બહાર ગામ ગયા હતા, જેને લઈને બંધ મકાન બહાર વૃદ્ધ ખેત મજૂર સુઈ રહ્યો હતો. જેના પાસે તસ્કરો ટોળકી



રાત્રીએ આવી તેને પકડી રાખી બીક બતાવી હતી. ત્યાર બાદ મકાનના તાળા તોડ્યા હતા. ગુરુવારે સવારે ગામમાં ચોરી થઈ હોવાની જાણ ગ્રામજનોને થતા સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં ઘરમાં તિજોરી તૂટી હતી અને સરસમાન વેર વિખેર હતો. આ ચોરી થયા અંગેની ગ્રામજનો દ્વારા ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. જેને લઈને પોલીસે પણ ગામમાં પહોચી તપાસ શરુ કરી છે. ત્યારે ફરિયાદ નોંધાયા બાદ જ કેટલાની ચોરી થઈ છે તે આંકડો ખબર પડશે.


## ગરીબોને ઠંડીમાં યુવકોએ ધાબડા ઓઢાડી ઠંડીની બચવા સહારો આપ્યા

# હિંમતનગરમાં યુવકોએ ઠંડીમાં રોડ સાઈડે સુઈ રહેલા ગરીબોને ૭૦ થી વધુ ધાબડાઓ ઓઢાડવામાં આવ્યા

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૬

હિંમતનગરમાં ગત રાત્રીએ શહેરના અલગ અલગ જગ્યાએ રોડ સાઈડે અને મંદિર બહાર સુઈ રહેલા ગરીબોને ઠંડીમાં યુવકોએ ધાબડા ઓઢાડી ઠંડીની બચવા સહારો આપ્યો હતો.

હાલમાં છેલ્લા કેટલાય દિવસથી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે ત્યારે સુરજદાદા આથમે એટલે ઠંડીની શરૂઆત થાય છે. ત્યારે હિંમતનગરમાં ગત બુધવારની રાત્રીએ સ્માઈલ ફાઉન્ડેશન દ્વારા યુવકોએ હિંમતનગર શહેરમાં ટાવર પાસેના રામજી મંદિર, મુખ્ય બસ સ્ટેન્ડ, નવી સિવિલ હોસ્પિટલ સહિતના વિવિધ વિસ્તારોમાં પહોચ્યા હતા. જ્યાં ઠંડીમાં સામાન્ય કપડું ઓઢીને સુઈ રહેલા ગરીબોને યુવકોએ ધાબડા ઓઢાડી ઠંડીમાં રક્ષણ આપી



સહારો આપ્યો હતો.

આ અંગે સ્માઈલ ફાઉન્ડેશનના મગન રબારી અને યોગેશ શાહે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, ઠંડીમાં ફાઉન્ડેશન દ્વારા છેલ્લા બે દિવસથી ઠંડીમાં રક્ષણ આપવા માટે રાત્રી દરમિયાન ગરીબોને ધાબડા ઓઢાડીએ છીએ તો બે દિવસમાં ૭૦ થી વધુ ધાબડા વિતરણ કર્યું છે. તો ૨૦૦ જેટલા ધાબડા વિતરણ કરવાના છે જે કાર્ય ચાલુ છે.

## ઊંઝા ખાતે પ્લાસ્ટિક પોલ્યુશન જન જાગૃતિ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬


ઊંઝા ખાતે તાજેતરમાં પ્લાસ્ટિક પોલ્યુશન જનજાગૃતિ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો જેમાં સ્થાનિક નગરજનોએ માહિતી મેળવવા રસ દાખવ્યો હતો તેમ જ પ્લાસ્ટિક કો પ્રદુષણથી થતા નુકસાન અને રોગો વિશે પણ માહિતગાર થયા હતા......

ઊંઝા નગર પાલિકાના પ્રમુખશ્રી જીજ્ઞાબેન પટેલ,ચીફ ઓફિસર રવિકાન્ત.બી.પટેલ અને ઊંઝા નગરપાલિકા સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર ડૉ. ધરતીબેન જૈન અનેૈંઈઝટીમ ના સક્રિય પ્રયત્નથી પ્લાસ્ટિક પોલ્યુશન અવરનેસનો પ્રદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઊંઝા ના કોર્પોરેટર શ્રીઓ છઁસ્ઝ પૂર્વ ચેરમેન દિનેશભાઈ પટેલ,મનીષભાઈ ડી.પી ,ડૉ સી.કે રાવલ, ડૉ.મણિયાર તથા જાહેર જનતા એ હાજરી આપીને પ્રદર્શન નિહાળ્યું હતું અને પ્લાસ્ટિક પોલ્યુશન નહીં કરે એની બાહેધરી આપી હતી.

## અમીરગઢની સરકારી વિનયન કોલેજ ખાતે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત વ્યાખ્યાન યોજાયું

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૬

અમીરગઢ સરકારી વિનયન કૉલેજમા ચાલતાં એન એસ.એસ. યુનિટ તેમજ ઝઉઢ્ઠઝ વિભાગ અને માવજત હોસ્પિટલ, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે સ્તન કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર સ્થિત માવજત હોસ્પિટલથી કોલેજ મા પહોંચેલ જીજ્ઞાશાબેન એ વિદ્યાર્થી ભાઈઓ તેમજ ખાસ કરીને



વિદ્યાર્થી બહેનોને સ્તન કેન્સરની સંકલ્પનાની સમજ આપી હતી. તેમજ સ્તન કેન્સર થવાના કારણો અને એનાં કારણે ઊભી થતી સમસ્યાઓ, પરિણામો, વૈશ્વિક સ્તરે સ્તન કેન્સરની સ્થિતિ અને ભારતમાં સ્તન કેન્સરના વધતાં જતાં કેસો તેને નિવારવા માટેના ઉપાયો તેમજ જાગૃતિ, સલામતી માટેનાં પગલાં વિશે રોચક અને માહિતીપ્રચુર વ્યાખ્યાન આપ્યું હતું.

સંસ્થાના આચાર્ય પણ પુરુષોમાં પણ વધતા જતા કેન્સર વિશે માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના સિનિયર પ્રાધ્યાપાક ડો. મંજુલાબેન પરમારે' સ્તન કેન્સર ' ની સમસ્યા નિવારવાની વાત રજૂ કરી હતી આ કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓ ને તેમજ કૉલેજના તમામ સ્ટાફમિત્રો હાજર રહ્યાં હતાં.

## હિંમતનગરના તખતગઢ ખાતે બટાકા પાકમાં વ્યવસ્થાપન અને આધુનિક કૃષિ તકનીક વિષય પર એક દિવસીય સેમીનારનું આયોજન કરાયું

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૬

સાબરકાંઠા જિલ્લામાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી તથા ગ્રીન ટીવીના સહયોગથી હિંમતનગર તાલુકાના તખતગઢ ખાતે બટાકા પાકમાં વ્યવસ્થાપન અને આધુનિક કૃષિ તકનીક વિષય પર એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં હિંમતનગર તાલુકાના ૨૫૦ થી વધુ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તાલીમમાં નાયબ બાગાયત નિયામકશ્રી ડી. એમ. પટેલ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ઉભરતા નવા બાગાયતી પાકો તેમજ બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ તેમજ પ્રાકૃતિક ખેતી વિશે ખૂબ ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત સંશોધન નિયામકશ્રી ડો. આર. એલ. પટેલ દ્વારા બટાટા પાકમાં વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં વિવિધ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બાગાયત ખાતા દ્વારા સેન્ટર ઓફ એક્સલન્સ વદરાડ ની વિવિધ પેદાશો તેમજ પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત ખેડૂતોના ખેત પેદાશોના નિદર્શન ગોઠવવામાં આવ્યા હતા. આ સેમિનારમાં મદદનીશ બાગાયત નિયામકશ્રી જે.એમ. પટેલ, બાગાયત અધિકારીશ્રી વાય. એમ. દેસાઈ, બાગાયત અધિકારીશ્રી એમ. ડી.આચાર્ય, તથા ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## દંતોડ ગામે એક વર્ષ અગાઉ માર મારીને નાસતો ફરતો આરોપી ઝબ્બે

(ગરવી તાકાત) વિજયનગર તા.૨૬

વિજયનગર તાલુકાના દંતોડ ગામે એક વર્ષ અગાઉ આધેડને માર મારી ભાગી ગયેલો આરોપી દંતોડ ગામેથી ન્ઝ્રમ્ ની ટીમે દબોચી લીધો

આ બનાવની વિગત એવી છે કે ગત ૨૦૨૩ના વર્ષના તા.૧૪/૧૧/૨૦૨૩ના રોજ દિવાળી તહેવાર નિમિત્તે નવા વર્ષની શુભેચ્છા પાઠવવા અને મળવા પાડોસીના ઘરે મગનભાઈ લીંબાજી સડાત જઈ રહયા હતા તે દરમિયાનના બપોરના સમયે આરોપી- મહેશભાઈ મગળાજી તબીયાડે કહ્યું કે તુ ગામનો આગેવાન (મુખી )થઈ ગયોછે તેમ કહી તેના હાથમાનું ધારિયાની મુઠ છાતીના ભાગે મારી ઈજાઓ પહોંચાડી હતી જયારે બીજા આરોપીએ લોખંડની પાઈપ મારી હતી અન્ય ઈસમો એ લાકડીના ફટકા તથા ગડદા પાટુનો માર માર્યો હતો જે બનાવ અંગે ૮ ઈસમો સામે ચિઠોડા પોલીસ મથકે ગૂનો નોંધાયો હતો. જેમાં સાત આરોપીઓ પોલીસ મથકે હાજર થયા હતા જ્યારે મુખ્ય સૂત્ર ધાર આરોપી પોલીસથી બચવા નાસતો ફરતો હતો.

Volume : 10 Issue : 266 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002